સંવર્ગ : જુનિયર કારકુન

| | |
|---|---|
| **૧)** | **પરીક્ષા પદ્ધતિ :** |
| ૧.૧ | પ્રાથમિક તથા મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના બધા પ્રશ્નો ધરાવતી OMR અથવા CBRT પધ્ધતિથી લેવામાં આવશે. |
| ૧.૨ | પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણ અને પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. જયારે મુખ્ય પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણ અને પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. |
| ૧.૩ | પ્રશ્નના પ્રત્યેક ખાલી છોડેલ જવાબ અથવા ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે જે ઉમેદવારે મેળવેલ ગુણ માંથી બાદ કરવામાં આવશે |
| ૧.૪ | પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા બંને તબક્કા માં અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. |
| ૧.૫ | દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે. |
| ૧.૬ | પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૧.૭. | અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. |
| ૧.૮ | પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે જેમાં મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારો બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. |
| ૧.૯ | મુખ્ય પરીક્ષા માટે લાયક કરેલ ઉમેદવારો જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે |
| **(૨)** | **લઘુત્તમ લાયકી ધોરણ :** |
| ૨.૧ | પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી. |
| ૨.૨ | મુખ્ય પરીક્ષા (તબ્બકો-૨)ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે ભરવાની થતી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવશે. |

નોંધ : મુદ્દા નં. ૧.૭ જે તે જગ્યા ઉપર માન્ય ઉમેદવાર જ પરીક્ષા આપી શકશે. અમાન્ય ઉમેદવારને પરીક્ષા આપવાની રહેશે નહી, અમાન્ય ઉમેદવારની યાદી website ઉપર મૂકવામાં આવશે.

ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી, તા. માણસા